## ઔદ્યોગિક ન્યાયપંચ નં.૬ નાં પ્રમુખ અધિકારીશ્રી અશ્વિન દવે સમક્ષ, અમદાવાદ

## રેફરન્સ (આઈ.ટી.) નં.૨૧/૨૦૧૪

**પ્રથમ પક્ષકાર:** આર.એમ.પી. બેરીંગ્સ,
રાણપુર,
તા. ધંધુકા, જી. અમદાવાદ.

**અને**

**બીજા પક્ષકાર:** (૧) મંત્રીશ્રી, ગુજરાત મઝદુર સભા,
૧૦૪, ૧ લો માળ, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ,
વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ,
અમદાવાદ.

(૨) મંત્રીશ્રી, અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,
૨ જો માળ, અરબ ચેમ્બર્સ,
પથ્થર કુવા, રીલીફ રોડ, અમદાવાદ.

(૩) મંત્રીશ્રી, આર.એમ.પી. મઝદુર સંઘ,
ટ્રીન્કેટ કોમ્પ્લેક્ષ, ધંધુકા રોડ, રાણપુર,
જી. અમદાવાદ.

**હાજર રહયા:** પ્રથમ પક્ષકાર તરફે :- વકીલશ્રી એ.એસ.પરીખ.
બીજા પક્ષકાર નં.૧ તરફે :- પ્રતિનિધિશ્રી એ.એન.પટેલ.
બીજા પક્ષકાર નં.૨ તરફે :- ગેરહાજર.
ત્રીજા પક્ષકાર નં.૩ તરફે :- ગેરહાજર.

**-: <u>આંક-૧૭ હેઠળનો હુકમ</u> :-**

**(૧)** સદર રેફરન્સ શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનાં તા.૦૮-૦૧-૨૦૧૪ નાં હુકમ ક્રમાંક : કે.એચ.એ.એચ.એમ.સી./૩૯૬૯૫/૫/૨/ આઈડીઆર/એજે/૦૧/૧૪ ધ્વારા હુકમની અનુસૂચિ મુજબની ઔદ્યોગિક તકરાર અત્રેના ઔદ્યોગિક ન્યાયપંચને ન્યાય નિર્ણય કરવા માટે સુપ્રત કરવામાં આવેલ છે.

**(૨)** સદર કામે બીજા પક્ષકાર નં.૧ (કે જેને હવે પછીથી ટુંકમાં ''અરજદાર'' તરીકે સંબોધેલ છે) ધ્વારા આંક-૯ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે. પ્રથમ પક્ષકારે (કે જેને હવે પછીથી ટુંકમાં ''સંસ્થા'' તરીકે સંબોધેલ છે) આંક-૧૨ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે.

(૩) સદર કામે અરજદાર તરફે આંક–૧૭ થી વચગાળાની રાહત અરજી રજુ કરેલ છે, જેની ટુંકી હકીકત એવી છે કે, સંસ્થા ધ્વારા તા.૨૧–૩–૨૦ કે જે સમયે ભારત સરકાર તેમજ ત્યારબાદ રાજય સરકાર ધ્વારા કોવિડ–૧૯ નાં પરિપ્રેક્ષ્યમાં લોક ડાઉન જાહેર કરેલ અને આ સંદર્ભમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ હેઠળ જરૂરી આદેશો કરવામાં ઓવલ. તા.૨૧–૩–૨૦ થી તા.૨૦–૪–૨૦ નાં ગાળામાં સંસ્થાએ અરજદારને લાગુ પડતી નોકરીની શરતો મુજબ પગાર ચુકવણી કરવાની કાયદેસરની જવાબદારી હોવા છતાં શ્રમયોગીઓની તા.૨૧–૩–૨૦ થી તા.૩૧–૩–૨૦ નાં ગાળાની ૯ જમા રજાઓ ઉધારેલ અને માર્ચ માસનાં પગારની ચુકવણી કરેલ. તા.૧–૪–૨૦ થી તા.૨૧–૪–૨૦ નાં પગારની કોઈ ચુકવણી કરેલ નથી. તા.૨૧–૪–૨૦ થી આજદિન સુધી સંસ્થા ધ્વારા કામ કરતાં શ્રમયોગીઓ માટે નકકી કરેલા દિવસોએ સંસ્થાએ પ્રત્યેક માસમાં એનેક્ષર–૧ થી જોડેલ શ્રમયોગીઓને પ્રત્યેક અઠવાડીયા માટે માસિક ધોરણે કામ ઉપર આવવાનાં દિવસો નકકી કરી તે મુજબ જ કામ પર આવવાનું જણાવેલ અને તે મુજબ એનેક્ષર–૧ માં દર્શાવેલ દિવસો મુજબ જ કામ આપેલ છે. અરજદાર જણાવે છે કે સંસ્થાએ આ રીતે ઠરાવેલ દિવસોએ માત્ર કામ આપેલ અને તે સિવાયનાં દિવસો માટે કામ આપેલ નહીં. તે રીતે ગેરકાયદેસર લે–ઓફ આપેલ. પગારની આ રીતે કોઈ ચુકવણી કરેલ નહીં. તે સંદર્ભમાં યુનિયને તા.૨૨–૬–૨૦ નાં રોજ સંસ્થાને નોટીસ આપેલ છે. યુનિયને આપેલ નોટીસ તથા શ્રમયોગીની રજુઆતનો સંસ્થાએ જવાબ આપેલ નથી. અરજદારની જાણકારી મુજબ મજુર સત્તાધિશ ધ્વારા ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ ( કે જેનો હવે પછીથી ટુંકમાં ''આઈ.ડી. એકટ'' તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૨૫(એમ) નો ભંગ કરવા સંદર્ભમાં કાર્યવાહી હાથ ધરેલ છે. માર્ચ–૨૦૨૦ માં અરજદારની જમા રજાઓ ઉધારેલ છે અને તે બદલ પગારની ચુકવણી કરેલ છે તે પ્રસ્થાપિત કરવા પગાર સ્લીપની નકલ એનેક્ષર–૪ થી રજુ કરેલ છે. કંપની ધ્વારા માર્ચ તથા એપ્રિલ માસની પગાર સ્લીપ આપેલ નથી. જયારે જુન માસમાં જે પગાર સ્લીપ આપેલ છે તેમાં સંસ્થા ધ્વારા નિર્વિવાદ રીતે ૧૩ થી ૧૫ દિવસ ગેરકાયદેસર રીતે

લે–ઓફ આપેલ છે તે હકીકત સ્પષ્ટપણે પ્રસ્થાપિત થાય છે. અરજદારે જુન–૨૦૨૦ ની પગાર સ્લીપ એનેક્ષર–૫ થી રજુ કરેલ છે. અરજદાર જણાવે છે કે, સંસ્થામાં શ્રમયોગી તથા સ્ટાફ મળી આશરે ૧૮૩ કામદારો છે, જેમાં અરજદાર યુનિયન સાથેનાં જે કામદાર છે તેઓને માત્ર ૧૩ થી ૧૫ દિવસ એનેક્ષર–૧ માં દર્શાવેલ વિગત મુજબ કામ આપેલ છે, જયારે આ સિવાય કાચા ચોપડામાં ૧૫૦ જેટલા શ્રમયોગીઓને કામ ઉપર રોકેલ છે. તેની પાસેથી ઓછા પગારે સંસ્થા વધુ કામ લે છે. સંસ્થા પાસે અરજદારને કામ આપવા જરૂરીયાત અને ઓડર્સ હોવા છતાં સંસ્થા ધ્વારા એનેક્ષર–૧ માં જણાવેલ શ્રમયોગીઓને પુરેપુરા દિવસો માટે કામ આપવાનો અને તેના ધ્વારા પ્રત્યેક અઠવાડીયે તા.૨૧–૪–૨૦ થી ઠરાવ્યા પ્રમાણે કોઈપણ કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા સિવાય ઈન્કાર કરેલ છે. સંસ્થા ધ્વારા શ્રમયોગીઓને માર્ચ માસનો પગાર મોડો ચુકવેલ છે. એપ્રિલ માસનો પગાર ચુકવેલ નથી, જયારે મે માસનો પગાર માત્ર જેટલા દિવસ તા.૨૧–૪–૨૦થી કામ ઉપર બોલાવેલ છે તે મુજબ જ ચુકવણી કરેલ છે. આમ સંસ્થા ધ્વારા અરજદારને લાગુ પડતી નોકરીની શરતો, પગાર, પગાર ચુકવણીની રીત સહિતમાં ગેરકાયદેસર ફેરફાર કરેલ છે. સંસ્થાનું સદર કૃત્ય આઈ.ડી. એકટની કલમ–૯ (એ) તથા કલમ–૩૩ નો ભંગ હોઈ ગેરકાયદેસર છે. સંસ્થા વધુમાં જણાવે છે કે, ૧૮૩ શ્રમયોગીઓ પૈકી જે સંસ્થા સાથે અને સંસ્થા ધ્વારા સ્થાપિત યુનિયન સાથે નિકટતા ધરાવે છે તે તમામને પુરેપુરા ૨૬ દિવસનું કામ આપેલ છે, જયારે એનેક્ષર–૧ માં દર્શાવેલ શ્રમયોગીઓને માત્ર ૧૩ થી ૧૫ દિવસ કામ આપેલ છે. અરજદારની પગાર વધારો તથા અન્ય લાભોની માંગણીઓ ન્યાય નિર્ણય અર્થે પડતર છે. સંસ્થા તથા અગાઉ અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ વચ્ચે થયેલ સમાધાન મુજબ પ્રત્યેક માસે સંસ્થા શ્રમયોગીઓને પગાર તથા અન્ય ભથ્થાઓની ચુકવણી કરે છે. સંસ્થા શ્રમયોગીઓને પ્રત્યેક માસે પુરેપુરા કામ સોંપવા અને તેનો પગાર ચુકવવા બંધાયેલ છે. સંસ્થાને લાગુ પડતા નમુનારૂપ સ્થાયી હુકમો તેમજ આઈ.ડી. એકટની કલમ–૨૫(એમ) મુજબ સંસ્થા શ્રમયોગીઓને કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા સિવાય લે–ઓફ આપી શકે નહીં તેમજ ૨૫(એમ)(૮) મુજબ પગાર

ચુકવણી કરવાની રહે. પગાર ચુકવણી કરવાનું અનુસૂચિ–૪ મુજબ પગાર, પગારની મુદત, રીત, સમય તેમજ કામનાં દિવસો મુજબ કામની સોંપણી કરવાનો ઈન્કાર કરી શકે નહીં. રેફરન્સ જયારે પડતર છે ત્યારે આવો કોઈપણ ફેરફાર તે ઉપર મુજબની નોકરીની શરતો કે જે શ્રમયોગીઓની નોકરીમાં દાખલ તારીખથી તેમની તરફેણમાં અમલમાં છે અને તે મુજબ સંસ્થા શ્રમયોગીઓને પ્રત્યેક માસે પુરેપુરૂ વેતન ચુકવવા બંધાયેલ છે. આ સંબંધમાં સંસ્થા ઔદ્યોગિક ન્યાયપંચની કલમ–૩૩ મુજબ પૂર્વ પરવાનગી વિના તેમજ કલમ–૯(એ) મુજબ ફેરફારની નોટીસ આપ્યા સિવાય ફેરફાર કરી શકે નહીં. રેફરન્સ પેન્ડીંગ છે ત્યારે રેફરન્સમાંથી ઉદભવતા હકકો કે જેમાં ઔદ્યોગિક ન્યાયપંચે રૂ.૩,૦૦૦/– વચગાળાની રાહત સ્વરૂપે શ્રમયોગીઓને પગાર ચુકવણી કરવા આદેશ કરેલ છે અને તે હકક જતો કરવા અને સંસ્થા સ્થાપિત યુનિયન સાથે થયેલ સમાધાન મુજબનાં લાભો સ્વીકારવા દબાણ કરવામાં આવી રહેલ છે અને તે સ્વીકારવાનો ઈન્કાર કરતાં સંસ્થા ધ્વારા આ રીતે શ્રમયોગીઓને કામ આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. ઔદ્યોગિક ન્યાયપંચ પાસે વચગાળાની રાહત સ્વરૂપે દાદ આપવાની વિશાળ સત્તા છે. કોરોનાની મહામારીમાં શ્રમયોગીઓને આ સમયનું પુરેપુરૂ વેતન ચુકવવાને બદલે સંસ્થા ધ્વારા શ્રમયોગીઓ વિરૂધ્ધ વેરવૃતિ રાખી અન્યાય કરવામાં આવી રહેલ છે. અરજીની હકીકતો ધ્યાને લેતાં અરજદારનો પ્રથમ દર્શનીય કેસ છે. સગવડતાની સમતુલા શ્રમયોગીની તરફેણમાં છે અને જો માંગેલ રાહત આપવામાં ન આવે તો નાણાંમાં ન વાળી શકાય તેવું નુકશાન અરજદારને થાય તેમ છે. અરજદાર દાદ માંગી જણાવે છે કે, સંસ્થા એનેક્ષર–૧ માં જણાવેલ શ્રમયોગીઓને મહિનાનાં પુરેપુરા દિવસો કામ સોંપે અને પગાર ચુકવણી કરે તેવો હુકમ કરવા તથા સંસ્થા એનેક્ષર–૧ માં જણાવેલ શ્રમયોગીઓની માર્ચ–૨૦૨૦ માં ઉધારેલ રજાઓ જમા આપે અને તેનો પગાર ચુકવે. વધુમાં એપ્રિલ, મે તથા જુન–૨૦૨૦ તેમજ જયાં સુધી શ્રમયોગીઓને પુરેપુરા માસ માટે કામ ન સોંપે ત્યાં સુધીનો પુરેપુરો પગાર ચુકવતા રહે તે મુજબનો હુકમ કરવાની દાદ માંગેલ છે તથા હાલની અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૪) સદર કામે અરજદારની આંક–૧૭ ની વચગાળાની રાહત અરજીનો સંસ્થા તરફે આંક–૧૯ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે, જેની ટુંકી હકીકત એવી છે કે સંસ્થાએ આ જવાબમાં સ્પષ્ટપણે કબુલ કરેલ હોય તે સિવાયની આંક–૧૭ ની રાહત અરજીમાં કરેલ તમામ વિધાનો, આક્ષેપો, નિવેદનો સત્યથી વેગળા હોઈ સંસ્થાને કબુલ મંજુર નથી. અરજદારે વચગાળાની રાહત અરજી કઈ કલમ હેઠળ દાખલ કરેલ છે તેની વિગત તેમની અરજીમાં જણાવેલ ન હોઈ અરજી રદ થવાને પાત્ર છે. અરજદારે વચગાળાની રાહત અરજીમાં જે દાદ માંગેલ છે તે ચોકકસ ન હોઈ વચગાળાની રાહત અરજીની કોઈ દાદ આપવાની ઔદ્યોગિક ન્યાયપંચને કોઈ હકુમત પહોંચતી નથી. સંસ્થા અરજદારની અરજીની પેરાવાઈઝ હકીકતો સાચી અને ખરી નથી તેમ જણાવે છે. સંસ્થા સત્ય હકીકતે જણાવે છે કે, સંસ્થા રાણપુર ખાતે બેરીંગ્સ બનાવવાનાં ઉદ્યોગમાં રોકાયેલ છે તેમજ સંસ્થામાં ર૦૦ ઉપરાંત શ્રમયોગી ફરજ બજાવે છે. સંસ્થામાં કામ કરતાં શ્રમયોગીઓનાં પગાર વધારા તથા અન્ય લાભો અંગે યુનિયન સાથે વખતોવખત સમાધાન થયેલ છે તથા સમાધાન મુજબનાં લાભો શ્રમયોગીઓને આપવામાં આવેલ છે. સને ર૦૧૩ માં અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ, આર.એમ.પી. મઝદુર સંઘ ધ્વારા પગાર વધારાની માંગણી મુકેલ, જે પૈકી સંસ્થાએ આર.એમ.પી. મઝદુર સંઘ સાથે તા.ર૦–૮–૧૩ નાં રોજ સમાધાન કરેલ છે, જે સમાધાન તા.૧–પ–૧૩ થી તા.૩૦–૪–૧૬ સુધી અમલમાં હતું. સદર સમાધાનાં સંસ્થાનાં મોટાભાગનાં શ્રમયોગીઓએ સમાધાનમાં સહી કરી સમાધાન મુજબનાં લાભો મેળવેલ છે. આ દરમ્યાન તા.ર૦–૧૧–૧૩ નાં રોજ અરજદાર યુનિયન ધ્વારા સંસ્થામાં કામ કરતાં કાયમી તથા કોન્ટ્રાકટનાં શ્રમયોગીઓને ઉશ્કેરી હડતાલ પડાવેલ. સદર હડતાલને કારણે સંસ્થાની ઉત્પાદન પ્રવૃતિને અવળી અસર પડેલ. સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ગંભીર થઈ ગયેલ. સંસ્થા ધ્વારા તેમના શ્રમયોગીઓને નિયમીત રીતે પગાર ચુકવી શકાયેલ નહીં. આર.એમ.પી. મઝદુર સભા સાથે તા.૧–પ–૧૬ થી તા.૩૦–૪–૧૯ નાં સમયગાળા માટે તા.૬–પ–૧૭ નાં રોજ સમાધાન કરવામાં આવેલ છે. તાજેતરમાં સમગ્ર

વિશ્વમાં કોવિડ–૧૯ ની મહામારીનાં કારણે ભારત સરકાર ધ્વારા તા.૨૫–૩–૨૦ થી તા.૧૪–૪–૨૦ નાં ૨૧ દિવસ માટે સમગ્ર દેશમાં સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવેલ અને તે વખતોવખત લંબાવવામાં આવેલ છે. ભારત સરકાર ધ્વારા તા.૧૫–૪–૨૦ નાં જાહેરનામાથી સમગ્ર દેશમાં લોકડાઉન તા.૩–૫–૨૦ સુધી લંબાવેલ. સરકારશ્રી ધ્વારા તા.૧૫–૪–૨૦ નાં હુકમ મુજબ અમુક કામગીરી શરૂ કરવાની પરવાનગી આપવામાં આવેલ. સંસ્થાએ શ્રમયોગીઓને કામ મળી રહે તેવા શુભ આશયથી બોટાદ જિલ્લાનાં કલેકટરશ્રી પાસે ઉત્પાદન શરૂ કરવાની પરવાનગી માંગતા જિલ્લા ઉધ્યોગ કેન્દ્ર, બોટાદ ધ્વારા તા.૨૩–૪–૨૦ થી ઉત્પાદન પ્રક્રિયા શરૂ કરવાની પરવાનગી આપેલ. સંસ્થાની જરૂરીયાત મુજબ તબકકાવાર શ્રમયોગીઓને કામ ઉપર બોલાવેલ. આ તમામ પરિસ્થિતિ પડતર હતી તે દરમ્યાન ના. સર્વોચ્ચ અદાલતમાં તા.૨૫–૩–૨૦ થી તા.૧૮–૫–૨૦ નાં સમયગાળા માટે પગાર ચુકવવા બાબતે પીટીશન દાખલ થયેલ છે. જેમાં ના. સર્વોચ્ચ અદાલતે વચગાળાનાં હુકમ પસાર કરેલ છે તેમજ સદર પીટીશનમાં ફાયનલ હીયરીંગ બાકી છે. આ બાબત ધ્યાને લેતાં પગાર ચુકવવાની બાબત ના. સર્વોચ્ચ અદાલતમાં પડતર છે. તા.૧૮–૫–૨૦ પછી આજદિન સુધી સંસ્થામાં જરૂરીયાત મુજબ શ્રમયોગીઓને કામ આપવામાં આવે છે. કોઈ શ્રમયોગીઓને છુટા કરેલ નથી. તમામ શ્રમયોગીઓને જરૂરીયાત મુજબ તેમના અનુભવનાં આધારે તથા સીનીયોરીટીનાં આધારે કામ આપવામાં આવે છે. કોવિડ–૧૯ ની મહામારીમાં સંસ્થાનાં ધંધાને ખુબ જ માઠી અસર થયેલ છે અને નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન થયેલ છે. અરજદારે એનેક્ષર–૧ માં જે શ્રમયોગીનાં નામ સાથે હાજર દિવસોની માહિતી દર્શાવેલ છે તે ખોટી છે. અનુક્રમ નં.૬૪ તથા ૬૫ નાં શ્રમયોગી ૨૦૨૦ માં ગુજરી ગયેલ છે તેમજ વિજયસિંહ પરમારની સહી કરેલ છે તે શ્રમયોગીને નોકરીમાં છુટા કરેલ છે. સંસ્થાએ આ તકરાર અંગે મદદનીશ શ્રમ આયુકતશ્રી, બોટાદ સમક્ષ લેખિતમાં રજુઆત કરેલ છે. અરજદારનો પ્રથમદર્શનીય કેસ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ સંસ્થાની તરફેણમાં છે. ઔધ્યોગિક ન્યાયપંચ ધ્વારા વચગાળાની રાહત

અરજીમાં માંગેલ દાદ મંજુર કરતો હુકમ કરવામાં આવે તો સંસ્થાને નાણાંમાં ન આંકી શકાય તેવું પારાવાર નુકશાન થાય તેમ છે. સંસ્થા અરજદારની આંક–૧૭ ની વચગાળાની રાહત અરજી રદ કરવા જણાવે છે.

(૫) અરજદારની આંક–૧૭ ની વચગાળાની રાહત અરજી પરત્વે અરજદાર તરફે યુનિયન પ્રતિનિધિશ્રી એ.એન.પટેલ તથા સંસ્થા તરફે વકીલશ્રી એ.એસ.પરીખને વિડીયો કોન્ફરન્સ મારફતે તા.૧૪–૯–૨૦ નાં રોજ સાંભળ્યા.

(૬) અરજદાર તરફે યુનિયન પ્રતિનિધિશ્રી એ.એન.પટેલ દલીલ કરતાં જણાવે છે કે, કોવિડ–૧૯ ની મહામારીને કારણે સરકારશ્રી ધ્વારા લોકડાઉન જાહેર કરેલ અને આ અંગે જરૂરી આદેશો કરવામાં આવેલ હતા. સદર લોકડાઉન દરમ્યાન તા.૨૧–૩–૨૦ થી તા.૩૧–૩–૨૦ નાં ગાળાની ૯ રજા સંસ્થાએ ઉધારેલ છે, જયારે એપ્રિલ–૨૦૨૦ નો પગાર સંસ્થાએ ચુકવેલ નથી. તા.૨૧–૪–૨૦ થી સંસ્થા શરૂ કરવામાં આવેલ હતી. સંસ્થાએ તા.૨૧–૪–૨૦ થી અરજદારને નિયમીત રીતે કામગીરી આપેલ નથી, પરંતુ કિન્નાખોરી રાખી માત્ર ૧૩ થી ૧૫ દિવસ કામ આપેલ છે. સંસ્થા કામ આપવાનો ઈન્કાર કરી શકે નહીં. આઈ.ડી. એકટની કલમ–૨૫(કે) તથા કલમ–૨૫ (એમ) ની જોગવાઈઓ અનુસાર સંસ્થા જયાં સુધી કામ ન આપે ત્યાં સુધી સંસ્થા પુરેપુરો પગાર આપવા જવાબદાર થાય છે. સંસ્થાએ કામનાં દિવસોમાં ઘટાડો કરેલ છે. આમ સંસ્થાએ અનુસૂચિ–૪ ની આઈટમ પ્રમાણે પધ્ધતિમાં ફેરફાર કરેલ છે. આ પ્રમાણે ફેરફાર કરતાં અગાઉ આઈ.ડી. એકટની કલમ–૯(એ) મુજબ ફેરફારની નોટીસ આપેલ નથી. આ સંજોગોમાં પણ સંસ્થા તા.૨૧–૩–૨૦ થી પુરેપુરા દિવસ કામ ન આપે તે સમયગાળાનો પુરેપુરો પગાર ચુકવી આપવા જવાબદાર છે. પ્રથમ દર્શનીય કેસ તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અરજદારની તરફેણમાં છે. અરજદારને પુરેપુરા દિવસ કામ ન આપવાને કારણે અરજદારનાં પગારમાં ઘટાડો થાય છે. આ સંજોગોમાં અરજદારને પારાવાર આર્થિક નુકશાન થયેલ છે. અરજદાર વચગાળાની રાહત અરજી મંજુર કરવા જણાવે છે.

સંસ્થા તરફે વકીલશ્રી એ.એસ.પરીખ દલીલ કરતાં જણાવે છે કે, કોવિડ–૧૯ ની મહામારીને કારણે સરકારશ્રી ધ્વારા લોકડાઉન જાહેર કરેલ અને આ અંગે જરૂરી આદેશો કરવામાં આવેલ હતા. તા.૨૫–૩–૨૦ થી તા.૧૪–૪–૨૦ નાં ૨૧ દિવસ માટે દેશમાં સંપૂર્ણ લોકડાઉન જાહેર કરેલ હતું. સરકારશ્રી ધ્વારા અમુક કામગીરી શરૂ કરવાની પરવાનગી આપેલી હતી. તે અનુસાર સંસ્થાને તા.૨૩–૪–૨૦ થી ઉત્પાદન પ્રક્રિયા શરૂ કરવાની પરવાનગી આપેલ છે. તા.૨૫–૩–૨૦ થી તા.૧૮–૫– ૨૦ નાં સમયગાળા માટે સંસ્થાઓને પગાર ચુકવવા બાબત ના. સર્વોચ્ચ અદાલતમાં રીટ પીટીશન પડતર છે. તા.૧૮–૫–૨૦ થી સંસ્થામાં જરૂરીયાત મુજબ કામ આપવામાં આવે છે. સંસ્થા જણાવે છે કે, અરજદારે રજુ કરેલ અનેક્ષર–૧ નાં ક્રમ નં.૬૪ તથા ક્રમ નં.૬૫ પર જણાવેલ કામદાર ગુજરી ગયેલ છે. સંસ્થા અરજદારની વચગાળાની રાહત અરજીમાં માંગેલ દાદ મેળવવા હકકદાર થતા નથી તેમ જણાવી હાલની અરજી રદ કરવા જણાવે છે.

(૭) સદર કામે નીચે જણાવેલ મુદ્દાઓ મારા ન્યાય નિર્ણય અર્થે ઉપસ્થિત થાય છે.

૧. શું અરજદાર આંક–૧૭ ની વચગાળાની રાહત અરજીમાં માંગેલ દાદ મેળવવા હદદકાર છે?

૨. શો હુકમ?

ઉપરોકત જણાવેલ મુદ્દાઓનો મારો જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. અંશત: હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૮) **–: કા ર ણો :–**

**મુદ્દા નં.૧ :**

**(એ)** અરજદારે આંક–૧૭ ની રાહત અરજીનાં પેરા(૩) માં નીચે જણાવેલ દાદ

માંગેલ છે.

(૩) ઉપરોકત હકીકતો અને રજુઆતો ધ્યાને લઈ રેફરન્સનાં ચાલવા દરમ્યાન વચગાળાની રાહત સ્વરૂપે નીચેની રાહતો/દાદો આપતો હુકમ કરવા અરજ છે.

(એ) પ્રથમ પક્ષકાર કંપની એનેક્ષર–૧ માં જણાવેલ કામદારોને મહીનાનાં પુરેપુરા દિવસો કામ સોંપે અને પગાર ચુકવણી કરે તેવો હુકમ કરવા અરજ છે.

(બી) પ્રથમ પક્ષકાર કંપની એનેક્ષર–૧ માં જણાવેલ કામદારોનાં માર્ચ–૨૦૨૦ માં ઉધારેલી રજાઓ જમા આપે, તેનો પગાર ચુકવણી કરે, એપ્રિલ–૨૦૨૦, મે, જુન–૨૦૨૦ તેમજ જયાં સુધી કામદારોને પુરેપુરા માસ માટે કામ ન સોંપે ત્યાં સુધીનો પુરેપુરો પગાર ચુકવે અને ચુકવતા રહે તેવો હુકમ કરવા અરજ છે.

અરજદારે એનેક્ષર–૧ માં જણાવેલ શ્રમયોગીઓને સંસ્થા મહીનાનાં પુરેપુરા દિવસો કામ સોંપે અને પગાર ચુકવણી કરે તે મુજબ તથા એપ્રિલ, મે, જુન–૨૦૨૦ માસનો પુરેપુરા પગાર ચુકવી આપે તથા માર્ચ–૨૦૨૦ માં ઉધારેલ રજા જમા આપે તે મુજબનો હુકમ કરવાની દાદ માંગેલ છે.

**(બી)** સરકારશ્રી ધ્વારા કોવિડ–૧૯ ની મહામારીને કારણે તા.૨૫–૩–૨૦ થી તા.૧૪–૪–૨૦ નાં સમયગાળા માટે લોકડાઉન કરવામાં આવેલ હતું તે અંગે તકરાર નથી.

અરજદાર જણાવે છે કે, લોકડાઉન જાહેર થયા બાદ શ્રમયોગીની માર્ચ–૨૦૨૦ નાં મહીના માટે પગાર કરતા સમયે જમા રજાઓ ઉધારેલ છે.

સંસ્થા તરફે વકીલશ્રી એ.એસ.પરીખ જણાવે છે કે, માર્ચ–૨૦૨૦ નાં માસ માટે પગાર ચુકવણી સમયે જમા રજાઓ ઉધારેલ નથી. સંસ્થાએ શ્રમયોગીઓને માર્ચ–૨૦ નાં માસનો પુરેપુરો પગાર ચુકવી આપેલ છે. સંસ્થા તેમની રજુઆતનાં સમર્થનમાં નિ.૨૧/૧ નાં સરકારી શ્રમ અધિકારીને લખેલ તા.૧૭–૮–૨૦ નાં પત્ર પર આધાર રાખે છે.

નિ.૨૧/૧ નો સરકારી શ્રમ અધિકારીને સંસ્થા ધ્વારા લખેલ તા.૧૭–૮–૨૦ નાં રોજનો પત્ર નીચે મુજબ છે.

'' આપ સાહેબે તા.૧૪–૭–૨૦ નાં રોજ આપેલ ફરીયાદમાં અમો જણાવીએ છીએ કે માર્ચ–૨૦૨૦ દરમ્યાન કામદારોને નવ દિવસ COVID-19 નો પગાર કંપની ધ્વારા આપવામાં આવેલ છે. તેમાં કામદારોની કોઈ હકકરજા તેમના બેલેન્સમાંથી કાપવામાં આવેલ નથી, જેની અમો બાંહુધરી આપીને છીએ. ....''

સંસ્થા જણાવે છે કે, માર્ચ–૨૦ દરમ્યાન શ્રમયોગીઓને નવ દિવસનો પગાર આપેલ છે તથા શ્રમયોગીઓની હકકરજા તેમના બેલેન્સમાંથી કાપેલ નથી જેની બાંહેધરી આપીએ છીએ.

સંસ્થાની ઉપરોકત રજુઆત ધ્યાને લઈ સંસ્થાએ માર્ચ–૨૦ દરમ્યાન ચુકવેલ પગાર સંદર્ભે શ્રમયોગીઓની હકકરજા તેમના બેલેન્સમાંથી કાપવી નહીં તે મુજબ હુકમ કરવામાં આવે છે.

**(સી)** તા.૨૫–૩–૨૦ થી તા.૧૪–૪–૨૦ નાં સમયગાળા માટે સમગ્ર દેશમાં COVID-19 ની મહામારીને કારણે લોકડાઉન જાહેર કરવામાં આવેલ હતું જે પૈકી માર્ચ–૨૦ નો પગાર શ્રમયોગીઓને ચુકવેલ છે.

સંસ્થા સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ તા.૨૩–૪–૨૦ થી સંસ્થા કાર્યરત કરેલ હોવાનું જણાવે છે. સંસ્થા ધ્વારા જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, બોટાદને લખેલ નિ.૨૧/૨ નાં તા.૨૭–૫–૨૦ નાં પત્રથી જણાવે છે કે, સંસ્થા એપ્રિલ–૨૦૨૦ માં બે વીક સંપૂર્ણ બંધ રહેલ હતી. ત્યારબાદ સંસ્થા શરૂ કરવાની મંજુરી મેળવેલ હતી અને મંજુરી મેળવ્યા બાદ સંસ્થાએ હાજરી મુજબ શ્રમયોગીઓને પગાર ચુકવેલ હતો.

સંસ્થા ના.સર્વોચ્ચ અદાલતનાં હુકમ પર આધાર રાખી લોકડાઉન સમયગાળાનો પગાર ચુકવવા સંસ્થા જવાબદાર નથી તેમ જણાવે છે.

દેશમાં સંપૂર્ણ લોકડાઉન તા.૧૪–૪–૨૦ સુધી અમલમાં હતો. લોકડાઉન સમયગાળા માટે શ્રમયોગીઓને પગાર ચુકવવાનાં સરકારશ્રીનાં આદેશને

કેટલીક સંસ્થાઓ તથા તેમના સંગઠન ધ્વારા ના.સર્વોચ્ચ અદાલતમાં પડકારેલ હતો.

ના. સર્વોચ્ચ અદાલત ધ્વારા ફીકસ પેકસ પ્રા.લી. વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા (રીટ પીટીશન (સીવીલ) ડાયરી નં.૧૦૯૮૩/૨૦૨૦, તા.૧૨-૬-૨૦) નાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

**34. As noted above, all industries/establishments are of different nature and of different capacity, including financial capacity. Some of the industries and establishments may bear the financial burden of payment of wages or substantial wages during the lockdown period to its workers and employees. Some of them may not be able to bear the entire burden. A balance has to be struck between these two competitive claims. The workers and employees although were ready to work but due to closure of industries could not work and suffered. For smooth running of industries with the participation of the workforce, it is essential that a via media be found out. The obligatory orders having been issued on 29.03.2020 which has been withdrawn w.e.f. 18.05.2020, in between there has been only 50 days during which period, the statutory obligation was imposed. Thus, the wages of workers and employees which were required to be paid as per the order dated 29.03.2020 and other consequential notification was during these 50 days.**

**35. In most of the industries, factories and establishments, the workers are represented by Trade Unions or other Employees associations. The State is also under obligation to ensure that there is smooth running of industrial establishment and the disputes between the employers and employees may be conciliated and sorted out.**

**36. It cannot be disputed that both Industry and Labourers need each other. No Industry or establishment can survive without employees/labourers and vice versa. We are thus of the opinion that efforts should be made to sort out the differences and disputes between the workers and the employers regarding payment of wages of above 50 days and if any settlement or negotiation can be entered into**

**between them without regard to the order dated 29.03.2020, the said steps may restore congenial work atmosphere.**

**37. We thus direct following interim measures which can be availed by all the private establishment, industries, factories and workers Trade Unions/ Employees Associations etc. which may be facilitated by the State Authorities: -**

**i) The private establishment, industries, employers who are willing to enter into negotiation and settlement with the workers/employees regarding payment of wages for 50 days or for any other period as applicable in any particular State during which their industrial establishment was closed down due to lockdown, may initiate a process of negotiation with their employees organization and enter into a settlement with them and if they are unable to settle by themselves submit a request to concerned labour authorities who are entrusted with the obligation under the different statute to conciliate the dispute between the parties who on receiving such request, may call the concerned Employees Trade Union/workers Association/ workers to appear on a date for negotiation, conciliation and settlement. In event a settlement is arrived at, that may be acted upon by the employers and workers irrespective of the order dated 29.03.2020 issued by the Government of India, Ministry of Home Affairs.**

**ii) Those employers′ establishments, industries, factories which were working during the lockdown period although not to their capacity can also take steps as indicated in direction No.(i).**

**iii) The private establishments, industries, factories shall permit the workers/employees to work in their establishment who are willing to work which may be without prejudice to rights of the workers/employees regarding unpaid wages of above 50 days. The private establishments, factories who proceed to take steps as per directions (i) and (ii) shall publicise and communicate about their such steps to workers and employees for their response/participation. The settlement, if any, as indicated above shall be without prejudice to the rights of employers and employees which is pending adjudication in these writ petitions.**

**iv) The Central Government, all the States/UTs through their Ministry of Labour shall circulate and publicise this order for the benefit of all private establishment, employers, factories and workers/ employees.**

**38. In event, any settlement is entered between the employers and employees in the establishments which are before us, an affidavit giving details shall be filed by next date of hearing.**

લોકડાઉન પીરીયડ દરમ્યાનનાં પગાર સંબંધે ના. સર્વોચ્ચ અદાલતનાં ઉપરોકત ઉલ્લેખેલ ચુકાદા અનુસાર પક્ષકારોએ કાર્યવાહી કરવાની રહે છે. સદર સંજોગોમાં એપ્રિલ–૨૦૨૦ નાં માસનાં લોકડાઉન સમયગાળાનાં પગાર અંગે અરજદારે માંગેલ દાદ ગ્રાહય રાખી શકાય તેમ ન હોઈ અરજદારની એપ્રિલ–૨૦૨૦ નાં લોકડાઉન સમયગાળાનાં પગારની માંગણી તેટલા અંશે હાલનાં તબકકે રદ કરવામાં આવે છે.

(ડી) અરજદારે એપ્રિલ, મે, જુન–૨૦૨૦ માં કામ સોંપેલ ન હોય તે દિવસનાં પગારની માંગણી કરેલ છે. અરજદાર જણાવે છે કે, દર માસે તમામ દિવસો માટે કામની સોંપણી કરવાની સંસ્થાની જવાબદારી છે. સંસ્થાએ સંપૂર્ણ દિવસો માટે કામની સોંપણી ન કરી શ્રમયોગીઓની નોકરીની શરતોમાં ફેરફાર કરેલ છે. અરજદારે તેમની રજુઆતનાં સમર્થનમાં આઈ.ડી. એકટની કલમ–૯(એ) તથા કલમ–૩૩ ની જોગવાઈઓનો ભંગ કરેલ હોવાનું જણાવી સંપૂર્ણ પગારની માંગણી કરેલ છે.

અરજદારે પગાર વધારો તથા અન્ય લાભોની માંગણી કરતા હાલનાં વિવાદમાં વચગાળાની રાહત અરજી દાખલ કરેલ છે.

આઈ.ડી. એકટની કલમ–૧૦(૪) ની જોગવાઈ ધ્યાને લેતાં ઔદ્યોગિક ન્યાયપંચને તકરારનાં નિર્દિષ્ટ મુદ્દા અને તેની આનુસાંગિક બાબતોનો જ ન્યાય નિર્ણય કરવાની હકુમત પ્રાપ્ત થાય છે. અરજદારે માંગેલ દાદનો સમાવેશ તકરારનાં નિર્દિષ્ટ મુદ્દા અને તેની આનુસાંગિક બાબતોમાં થતો ન હોવાનું મારૂં મંતવ્ય છે. આ સંજોગોમાં અરજદારે અરજીમાં માંગેલ દાદ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

ઉપરોકત સંજોગોમાં દર માસે સંપૂર્ણ દિવસ કામ ન આપી કે પગાર ચુકવણીની રીત પધ્ધતિમાં સંસ્થાએ ગેરકાયદેસર ફેરફાર કરી કલમ–૯(એ) તથા કલમ–૩૩ નો ભંગ કરેલ હોવાનાં સંજોગોમાં અરજદાર આ અંગે ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરી કે કલમ–૩૩ નાં ભંગ બદલ કલમ–૩૩(એ) ની ફરીયાદ દાખલ કરી તેમની દાદ માંગી શકે છે. સદર સંજોગોમાં એપ્રિલ–૨૦૨૦ નાં તા.૨૩–૪–૨૦ બાદનાં સમયગાળા માટે તથા મે–૨૦૨૦ તથા જુન–૨૦૨૦ નાં માસનો પુરેપુરો પગાર ચુકવી આપવાની માંગણી કરતી અરજદારની દાદ ઉપરોકત કારણોસર હાલનાં તબકકે રદ કરવામાં આવે છે. અરજદાર તેમની સદર દાદ સંબંધે આઈ.ડી. એકટની જોગવાઈઓ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવા સ્વતંત્ર છે.

(ઈ) અરજદારે શ્રમયોગીઓને સંસ્થા પુરેપુરા દિવસો કામ સોંપે તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે.

અરજદારની પગાર વધારો તથા અન્ય લાભોની માંગણી કરતો વિવાદ પડતર છે. સદર સંજોગોમાં શ્રમયોગીઓને માસનાં તમામ દિવસો માટે કામ ન આપવામાં આવે તો શ્રમયોગીઓનાં પગારમાં ઘટાડો થવા સંભવ છે. પરિણામે શ્રમયોગીઓનાં પગાર ચુકવણી સંબંધે પૂર્વગ્રહ ઉત્પન્ન થાય તેમ છે. આ સંજોગોમાં સંસ્થાને લાગુ પડતી આઈ.ડી. એકટની જોગવાઈઓનું પાલન કર્યા સિવાય શ્રમયોગીઓને તમામ દિવસો માટે કામ ન આપવાનું સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર ગણી શકાય તેમ છે. આ સંજોગોમાં સંસ્થાએ શ્રમયોગીઓને લોકડાઉન અમલમાં આવ્યો તે અગાઉની પધ્ધતિ મુજબ માસનાં તમામ દિવસો માટે કામની સોંપણી કરવી. સંસ્થા શ્રમયોગીઓને કામની સોંપણી કરવા અસમર્થ હોય તેવા સંજોગોમાં આઈ.ડી. એકટની આદેશાત્મક જોગવાઈઓનું પ્રથમ પાલન કરવાનું રહેશે. ઉપરોકત ચર્ચા કરેલ તમામ કારણોસર અરજદારની આંક–૧૭ ની વચગાળાની રાહત અંશત: મંજુર કરવામાં આવે છે. સદર કારણસર **મુદ્દા નં.૧** નો જવાબ **અંશત: હકારમાં** છે. સદર કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

(૧) બીજા પક્ષકાર અરજદારની આંક-૧૭ ની વચગાળાની રાહત અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રથમ પક્ષકાર સંસ્થાએ માર્ચ-૨૦૨૦ દરમ્યાન ચુકવેલ પગાર સંદર્ભે શ્રમયોગીઓની હકકરજા તેમના બેલેન્સમાંથી કાપવી નહીં.

(૩) બીજા પક્ષકારની એપ્રિલ, મે, જુન-૨૦૨૦ નાં પગારની માંગણી કરતી અરજી હાલનાં તબકકે નામંજુર કરવામાં આવે છે. બીજા પક્ષકાર અરજદાર સદર માંગણી સંબંધે આઈ.ડી. એકટની જોગવાઈઓ અનુસાર આ અંગે કાર્યવાહી હાથ ધરી શકે છે.

(૪) પ્રથમ પક્ષકાર સંસ્થાએ સદર હુકમ તારીખથી શ્રમયોગીઓને મહિનાનાં તમામ દિવસોએ કામની સોંપણી કરવી. પ્રથમ પક્ષકાર તમામ દિવસોએ કામની સોંપણી કરવા અસમર્થ હોવાનાં સંજોગોમાં આઈ.ડી. એકટની આજ્ઞાત્મક જોગવાઈઓનું પાલન કરવું.

(૫) ઉપરોકત હુકમ અનુસાર બીજા પક્ષકારની આંક-૧૭ ની વચગાળાની રાહત અરજીનો નિકાલ કરવામાં આવે છે.

(૬) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૭) સદર કામની હવે પછીની સુનાવણી તા.૨૯-૧૦-૨૦૨૦ ના રોજ હાથ ધરવામાં આવશે.

(૮) સદર હુકમ આજરોજ જાહેર કર્યો.

તા.૩૦-૦૯-૨૦૨૦
સ્થળ: અમદાવાદ

(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ : જીજે ૦૦૭૭૬
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ

**એ.ડી.માખણીયા, પી.એસ.**